# સુરત મહાનગરપાલિકા
# હાઈડ્રોલિક વિભાગ


**આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ ની કલમ ૪(૧) ખ ના કલોઝ ૧ થી ૧૭ મુજબ જાહેર કરવા જોગ**

**વિગતો**

**૪–(૧)–(ખ)–(૩)**

**દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ :**

*વ્યવસ્થાતંત્ર : હાઈડ્રોલિક વિભાગનું હાલનું વ્યવસ્થાતંત્ર નીચે મુજબ છે.*



**હાઈડ્રોલિક વિભાગ અંતર્ગત હાથ ધરવામાં આવતી મુખ્ય કામગીરીઓ અંગેની વિગત નીચે મુજબ છે.**

## (અ) પાણી પુરવઠાને લગતા નવા કામોની નિર્માણ પ્રક્રિયા : કાર્યપધ્ધતિ

- સમગ્ર સુરત શહેર માટે હદ વિસ્તરણ પછીના તમામ વિસ્તાર માટે લાંબા ગાળા માટેની અંદાજીત વસ્તીને ધ્યાને લઈને વોટર સપ્લાય માસ્ટર પ્લાન બનાવવા કન્સલટન્ટની નિમણુંક કરવી. સોસાયટીની નળીકા નાંખવાનું કાર્યક્ષેત્ર જે તે ઝોનને સોંપવામાં આવેલ છે.
- શહેરના વિવિધ વિસ્તારો માટે કન્સલટન્ટ ધ્વારા તૈયાર કરાયેલ તબકકાવાર ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટ મુજબ વોટર સપ્લાય સ્કીમનું આયોજન કરવું.
- જરૂરીયાત મુજબ વોટર સપ્લાય સ્કીમ માટે અથવા તેના કોઈ એક ભાગના અમલીકરણની કામગીરી માટે છેલ્લા વર્ષના ઉપલબ્ધ એસ.ઓ.આર ના ભાવો મુજબ અંદાજ તૈયાર કરી સક્ષમ સમિતિની તેમજ સામાન્ય સભાની મંજુરી માટે રજુ કરવા.
- મંજુર થયેલા અંદાજ મુજબ કામગીરી માટે જાહેર ટેન્ડરો મંગાવવાની કાર્યવાહી કરવી.
- જાહેર ટેન્ડર અન્વયે આવેલ ટેન્ડરોની ચકાસણી કરી/ કન્સલટન્ટશ્રી પાસે ચકાસણી કરાવી મંજુરી માટે સક્ષમ સત્તાને રીપોર્ટ કરવો.
- મંજુર પ્રોજેકટના અંદાજ–ટેન્ડરને લગતી કામગીરી કરી વર્કઓર્ડર આપવા.
- સરકારશ્રીમાં તબકકાવાર પ્રોગ્રેસ રીપોર્ટ મોકલી ગ્રાંટ રીલીઝ કરવા બાબતે સી.ઈ સ્પે.સેલ સાથે સંકલનની કામગીરી.
- સ્થળ પર સુપરવીઝન કરી થયેલ કામનાં માપ–મેઝરમેન્ટ ચકાસણી કરી ઈજારદારને ચુકવણાની મંજુરીની કાર્યવાહી કરવી.
- કામગીરીનાં અંતિમ બીલો તૈયાર કરવા.
- સમગ્ર પ્રક્રિયામાં જરૂરિયાત મુજબ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરનાર એજન્સી, સોઈલ કન્સલ્ટન્ટ, સ્ટ્રકચરલ કન્સલ્ટન્ટ, પ્રોજેકટ કન્સલ્ટન્ટ તથા થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન એન્ડ મોનીટરીંગ એજન્સીની નિમણૂકને લગતી તથા તેઓના પેમેન્ટને લગતી તમામ કાર્યવાહી કરવી.

**દેખરેખ અને જવાબદારીનું માધ્યમ :**

ઉપરોકત નિર્માણ પ્રક્રિયાના તબકકાઓમાં નીચેની વિગતે જવાબદારી માધ્યમ નકકી થયેલ છે. સ્થળ પર કામગીરીની દેખરેખ સુપરવાઈઝર તથા ટેકનીકલ આસીસ્ટન્ટ ધ્વારા કરવામાં આવે છે તથા સદર કામગીરીઓ માટે જે–તે હાયારકી મુજબ જવાબદારીનું માધ્યમ રહે છે.

આસી./જુની. ઈજનેર, ડેપ્યુટી ઈજનેર, હાઈડ્રોલિક ઈજનેર, ડે. મ્યુ.કમિશ્નર(ડી), મ્યુ.કમિશ્નર.

## (બ) પાણી પુરવઠાના ઓપરેશન તેમજ મરામત અને નિભાવના કામોની નિર્માણ પ્રક્રિયા : કાર્યપધ્ધતિ

- સમગ્ર શહેરમાં દૈનિક રીતે નાગરીકોને આપવામાં આવતો પાણી પુરવઠો તેના નિયત સમયે પુરતા જથ્થામાં મળી રહે તે માટે તમામ જળવિતરણ મથકો પર જરૂરી વ્યવસ્થા ગોઠવવી.
- આ માટે શહેરના તમામ વોટર વર્કસ જરૂરીયાત મુજબના જથ્થામાં શુધ્ધ કરેલ પાણી પુરુ પાડી શકે તે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવવી.
- શહેરના નાગરીકોને આપવા આવતા પાણી પુરવઠાની નિયત ગુણવતા હંમેશા જળવાઈ રહે તે પ્રમાણે દરરોજ જરૂરી માત્રામાં વોટર સેમ્પલ લઈને લેબોરેટરીમાં તેનું ટેસ્ટીંગ કરવું તેમજ જરૂર જણાયે તે બાબતે જરૂરી પગલાં લેવા.

- વોટર વર્કસ, વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન તથા પાણીની નળીકાઓનાં મરામત અને નિભાવ માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવી. જેના ભાગરૂપે જરૂરીયાત મુજબ આયોજન કરેલ શટડાઉનના પીરીયડ દરમ્યાન નાગરીકોને ઓછા દબાણે પાણી મળવા/ પાણી નહી મળવા અંગે સુચિત કરવા દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપવી.
- શહેરના નાગરીકોને દૈનિક પાણી પુરવઠો પુરો પાડવાની વ્યવસ્થાના ભાગરૂપે જે તે વિસ્તારમાં દરરોજ ઓપરેટ કરવામાં આવતાં વાલ્વ માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવી.
- શહેરના હદ વિસ્તારમાં રહેણાંક તેમજ ધાર્મિક હેતુ માટેના ૧/૨" વ્યાસથી વધુ સાઈઝના નળજોડાણો ઉપર તેમજ વેપારી/ઓધૌગિક હેતુ માટેના ૧/૨" વ્યાસ કે તેથી વધુ સાઈઝના નળ જોડાણ ઉપર ઈન્સ્ટોલ થયેલ વોટર મીટરની જાળવણી કરવા તેમજ બગડેલ વોટર મીટર બદલવાની તમામ જરૂરી કાર્યવાહી કરવા તેમજ ૨૪x૭ પાણી પુરવઠો યોજના હેઠળ લગાડવામાં આવેલ વોટર મીટરના રીડીંગ બીલીંગ તેમજ મરામત નિભાવની કામગીરી એજન્સી મારફત કરવામાં આવતી હોય, જેના સુપરવિઝનની કામગીરી.
- સંજોગોવસાત શહેરના કોઈ વિસ્તારમાં કે સોસાયટીમાં પાણી ન મળવાની ઘટના બને ત્યારે તે જગ્યાએ જરૂરીયાત મુજબ પાણીના ટેન્કર જે તે ઝોન ધ્વારા પુરા પાડવામાં આવે તે રીતની વ્યવસ્થા ગોઠવવી.

**<u>દેખરેખ અને જવાબદારીનું માધ્યમ :</u>**

ઉપરોકત પ્રક્રિયાના તબકકાઓમાં નીચેની વિગતે જવાબદારી માધ્યમ નકકી થયેલ છે. સ્થળ પર કામગીરીની દેખરેખ ઈલે. સુપરવાઈઝર / મેઈન્ટેનન્સ આસીસ્ટન્ટ ધ્વારા કરવામાં આવે છે તથા સદર કામગીરીઓ માટે જે–તે હાયારકી મુજબ જવાબદારીનું માધ્યમ રહે છે.

આસી./જુની. ઈજનેર, ડેપ્યુટી ઈજનેર, હાઈડ્રોલિક ઈજનેર / કાર્યપાલક ઈજનેર (હે.વો.વ), ડે. મ્યુ.કમિશ્નર(ડી), મ્યુ.કમિશ્નર.